# સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા છ અઠવાડિયાના સર્ટીફિકેટ કોર્સનો પ્રારંભ કરાયો

## આ પ્રસંગે પેરા ઓલમ્પિકના અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડીઓ ફરમાન બાશા અને પ્રશાંતા કરમાકર ઉપસ્થિત રહ્યા







ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સે. ૧૫ ખાતે આવેલ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વેસ્ટર્ન રીજનમાં આજે છ અઠવાડિયાના સર્ટિફિકેટ કોર્સ અને સ્પોર્ટસ કોચીંગ કોર્સનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ભારતભરમાંથી આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ આવ્યા હતા. જેમાં પેરા ઓલિમ્પિકના પાવર લિફટીંગના ખેલાડી ફરમાન બાશા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સર્ટીફિકેટ કોર્સમાં કુલ ૧૪૬ પુરુષ અને ૨૫ મહિલાઓએ ભાગ લીધો છે.

આ સર્ટિફિકેટ કોર્સ તા. ૧૫મી મે થી પ્રારંભ થઈ તા. ૨૪મી જૂન સુધી ચાલનાર છે. જેમાં વિવિધ રમતો જેવી કે બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, જીન્માસ્ટિક, હેન્ડબોલ, નેટબોલ, ટેબલટેનિસ તથા વોલીબોલનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા પેરા ઓલમ્પિકના પાવર લીફટીંગના ખેલાડી ફરમાન બાશાએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એશીયન ગેમ્સ ૨૦૧૦માં રજત પદક, લંડન પેરા ઓલિમ્પિક ૨૦૧૨માં પાંચમો ક્રમ અને ૨૦૧૪ની દુબાઈમાં યોજાયેલ વર્લ્ડ ચેમ્પીયનશીપમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. ભારત સરકાર તરફથી તેમને અર્જુન એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત અન્ય ખેલાડી પ્રશાંતા કરમાકર જેઓ સ્વિમિંગના પેરાઓલિમ્પિક તેમજ કોમન વેલ્થ ગેમ્સમાં ચંદ્રક મેળવી ચૂક્યા છે અને તેમને પણ અર્જુન એવોર્ડથી નવાજવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પદે ગુજરાત વોલીબોલ એસોસિએશનના પ્રેસીડેન્ટ નગીનભાઈ પટેલ તેમજ અતિથિવિશેષ પદે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જતીન સોની ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સ્પોટ્ર્સી ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ડાયરેક્ટર રૂપકુમાર નાયડુ પણ ઉપસ્થિત રહ્યા હતા. નગીનભાઈ પટેલ આ પ્રસંગે ખેલ જગતમાં સારા દિવસો આવવાનો આશાવાદ રજુ કર્યો હતો. જ્યારે ડૉ. સોનીએ આ સ્પોર્ટસ યુનિવર્સિટીને બીજા રાજ્યો માટે મોડેલ યુનિવર્સિટી હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર સમાચાર

તા. ૨૦-૫-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદી-સુનામીની 'આફટર ઈફેકટ્સ'

સોળમી મે, ૨૦૧૪ની સવારે ઈવીએમ બોક્સ ખૂલવાં શરૂ થયાં એ પહેલાં ભાગ્યે જ કોઈએ કલ્પના સુધ્ધાં કરી હશે કે ભાજપ ૨૮૩ બેઠકો મેળવીને એની કારકિર્દીનો નવો વિક્રમ આંબશે. બધા એક મુદ્દે સહમત હતા કે ચૂંટણીમાં થયેલ મતદાન મુજબ ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી આવશે અને કોંગ્રેસ સત્તાથી દૂર થઈ જશે. પરંતુ પરિણામો જાહેર થતાં જે 'મોદી વેવ' વિશે વિરોધીઓ ઉપરાંત ખુદ ભાજપના મોદી- ટીકાકારો શંકા ધરાવતા હતા તે ખરેખર વાવાઝોડામાં અને અક્ષરશઃ સુનામીમાં ફેરવાઈ ગયું અને કોંગ્રેસ જેવો રાષ્ટ્રવ્યાપી પક્ષ ચુમાળીસ બેઠકોમાં સીમિત થઈ ગયો. સૌથી મોટી અસ્તિત્વની કટોકટી કોંગ્રેસ અત્યારે અનુભવી રહી છે. સોનિયા ગાંધીએ જ એને સત્તાસ્થાન સુધી પહોંચાડી હતી, પોતે વડાપ્રધાન પણ બની શક્યાં હોત, પરંતુ વિદેશી મૂળના મુદ્દે અને ઘણાં વર્ષો પછી ભારતની રાષ્ટ્રીયતા મેળવેલી તે બાબતે ભારે વિવાદ સરજાતાં એમણે કહેવાતો 'ત્યાગ' કરી કહ્યાગરા મનમોહનસિંહને આગળ ધરી પડદા પાછળનાં સુપર પ્રાઈમ મિનિસ્ટર તરીકેનો રોલ શરૂ કર્યો હતો. એ જ સોનિયા ગાંધીના કઠપૂતળી વડાપ્રધાનનું બદનામીભર્યું પ્રમાણપત્ર લઈ ડો. મનમોહનસિંહ ૭-રેસકોર્સ રોડનું અધિકૃત નિવાસસ્થાન ખાલી કરી અરણ્યવાસમાં જઈ રહ્યા છે. ભાજપ માટે અને એના કર્તા-હર્તા-સમાહર્તા બની રહેલ નરેન્દ્ર મોદી માટે આ સમય એમની લાયકાત પૂરવાર કરવા માટેનો પડકાર બનીને આવ્યો છે. એ માટે એમની પાસે પૂરતો સમય પણ છે. પરંતુ રાષ્ટ્રીય સ્તરે મોટાં માથાં તરીકે ઊપસેલા બિનકોગ્રેસી અગ્રણીઓ માટે પણ આ સમય એમના અસ્તિત્વની કટોકટીનો છે. મુલાયમસિંહ, માયાવતી, નીતીશકુમાર, લાલુપ્રસાદ યાદવ અને શરદ પવાર હાંસિયે ધકેલાઈ ગયા છે. માયાવતીને દલિત વોટબેંક અકબંધ રહી હોવાનું નિવેદન કરી આત્મસંતોષ લેવો પડયો છે, તો મુલાયમ માટે એમની મહેચ્છા પર પૂર્ણવિરામ ઉપરાંત ઉત્તરપ્રદેશમાં પુત્ર અખિલેશની સરકાર માટે જોખમ ઊભું થયું છે. નીતીશકુમારે નૈતિકતાના બહાને રાજીનામું આપી શાખ બચાવવાના ઉધામા આદર્યા છે તો લાલુપ્રસાદ માટે હવે પછીના માઠા દિવસોની શરૂઆત થઈ ચૂકી છે. પત્ની રાબડી, પુત્રી શ્રીસાભારતી અને પ્રખર સમર્થક રઘુવંશપ્રસાદ સિંહની હાર લાલુના ગાલ પર મોદીના તમાચા બનીને ટંકાઈ ગઈ છે. ફારુક અબ્દુલ્લા અને અજિતસિંહનો કરિશ્મા ઓસરી ગયો છે. મમતા અને જયલલિતા એમના ગઢ અકબંધ રાખી શક્યાં છે પરંતુ પંદરમી લોકસભાનાં અધ્યક્ષ અને બાબુ જગજીવનરામનાં રાજકીય વારસદાર મીરાકુમાર હારી ગયા છે. મોદીની સામે એક હિંદી બેલ્ટનાં દલિત મહિલા તરીકે એમને વડાપ્રધાનપદનાં ઉમેદવાર તરીકે રજૂ કરાયાં હોત તો કદાચ કોંગ્રેસ આટલી હદે નામોશીભરી સ્થિતિમાં ન જ મુકાઈ ગઈ હોત. કોંગ્રેસ માટે એક પરિવારના સકંજામાંથી છૂટવાની સોનેરી તક પણ આ 'સુનામી'એ પૂરી પાડી છે. એ વાત જુદી છે કે આળસુ અને અકર્મણ્ય કોંગ્રેસીઓ આ તકનો લાભ લેવાને બદલે રેઢિયાળ ચમચાગીરીમાં સરી પડી પોતાની જ ઘોર ખોદશે તો એ માટે કોઈને અફસોસ નહીં હોય. મોદી સુનામીએ જયલલિતા અને મમતાનાં વડાપ્રધાન થવાનાં સપનાં રોળી નાખ્યાં છે તો વળી મહારાષ્ટ્રમાં શિવસેનાને અણધારી સફળતા હાંસલ થઈ છે અને 'મનસે' નામશેષ થઈ ગયેલ છે. બિહારમાં રામવિલાસ પાસવાનના પક્ષને પુનઃ જીવન મળ્યું છે. મૃતપ્રાય તેલુગુ દેશમને જીવતદાન પણ મળ્યું છે. ટીઆરએસ અને વાયઆરએસ કોંગ્રેસ જેવાં નવાં પ્રાદેશિક પરિબળો પણ એમની ગરજે ભાજપને અનુકૂળ રહેશે. જે રીતે પૂર્વ સ્પીકર પી.એ. સંગમા અને એમની કક્ષાના મોટા ગજાના નેતાઓ મોદીની આરતી ઉતારતા થયા છે તે રીતે જોતાં આગામી દિવસો એનડીએ માટે પણ ભરપૂર સમર્થનના રહેશે. આવા કપરા સંજોગોમાં 'યુપીએ' માટે ટકી રહેવું અશક્ય નહીં તો મુશ્કેલ તો બની જ રહેવાનું છે. મુસ્લિમોને મોદી વિરુદ્ધ ચીતરતા રહેલા પક્ષો હવે ખુદ મુસલમાનોને અળખામણા ન લાગે તો જ નવાઈ. મોદી માટે એનડીએના સાથી પક્ષોને એમની અપેક્ષાઓ મુજબ કેબિનેટમાં ગોઠવવાનું કામ પણ માથાના દુખાવા સમું બની રહેશે, એમ કહેવાની જરૂર ખરી?

# મમતા સ્પોર્ટસ સેન્ટરમાં વિદ્યાર્થીઓએ સ્કેટીંગ રીંક પર કરતબ બતાવી દંગ કર્યા

## ગાંધીનગર અને અમદાવાદના ૧૫૬ વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૧૯

સેકટર-૨૩માં આવેલ અમદાવાદની શાળાના કેજીથી ધોરણ-૧૦ના ૧૫૬ વિદ્યાર્થીઓએ આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન.



લલિતકલામાં ચાલતી મમતા સ્પોર્ટસ સેન્ટર અને ક્રિષ્ના એકેડેમી દ્વારા નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. ગઈ તા. ૧૮ના રોજ સાંજે ૪ થી ૮ કલાક દરમિયાન સંસ્થાની સ્કેટીંગ રીંક પર સ્પર્ધા યોજાઈ હતી.

સ્પર્ધામાં ગાંધીનગર અને અમદાવાદની શાળાના કે.જી. થી ધોરણ-૧૦માં અભ્યાસ કરતા ૧૫૬ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ વિદ્યાર્થીઓએ સ્કેટીંગ કરી ઉપસ્થિત મહાનુભાવોને દંગ કરી દેતા કરતબો બતાવ્યા હતા. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સ્કેટરોને મેડલ, સર્ટીફિકેટ અને કીટ એનાયત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. વિણાબેન પટેલ, ડૉ. જયેશ તન્ના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.એન. લલિતકલા એકેડમીના સંચાલિકા દિનાબેન ડોડિયા દ્વારા અને નિદર્શન કોચીંગ સ્કેટર કોચ વસીમ મનસુરી અને પુલકિત બડવાલ તેમજ આભારવિધિ રિદ્ધિ ગોધારી દ્વારા કરવામાં આવી હતી.

મમતા સ્પોર્ટસ સેન્ટર અને ક્રિષ્ના એકેડેમી દ્વારા નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ગાંધીનગર અને ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર-૨૩માં

## હરિની દૃષ્ટિ...




ગભરાશો નહીં આ પક્ષને ૧૯૮૪માં બે સીટ મળી હતી. આપણને તો ચાર છે...!!

## રામેશ્વરથી રક્ષાશક્તિ યુનિ. સર્કલના રસ્તાને બંધ કરાયો

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના અંત્યત પછાત ગણાતા મેઘાણીનગર વિસ્તારમાં નવી ડ્રેનેજલાઈન નાંખવાના કાર્યથી રામેશ્વરથી રક્ષાશક્તિ યુનિવર્સિટી સર્કલ વિસ્તાર સંપૂર્ણ બંધ થઈ ગયો છે. અંદાજે દોઢથી બે કિમીનો રસ્તો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં પડ્યો છે. તંત્ર દ્વારા ગોકળ ગાયની ગતિ કામ હાથ ધરવામાં આવી રહ્યું હોવાથી સ્થાનિક લોકોથી માંડી વાહનચાલકો અને રોજએ વિસ્તારમાંથી અવરજવર કરતા નાગરીકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

વાત એમ છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા રામેશ્વર (મેઘાણીનગર)થી મુકેશ રાઠોડ ચોક સુધી લાખોના ખર્ચ ખુ સુંદર રોડ બનાવ્યો હતો પરંતુ ખબર નહિં કેમ મ્યુનિસિપલ તંત્રએ વિસ્તારમાં ગટરલાઈન નાંખવાનું ભુલી ગયું અને લાખો રૂપિયાના ખર્ચે બનેલ નવા રોડને તોડી ડ્રેનેજલાઈન (ગટરલાઈન) નાંખવાનું કામ આરંભી દીખું હાલ રામેશ્વરથી મુકેશ રાઠોડ ચોક સુધી અને ન્યુ સિવીલ હોસ્પિટલ મેન્ટર કમ્પાઉન્ડથી માંડી રક્ષાશક્તિ યુનિવર્સિટી સર્કલ પર ડ્રેનેજલાઈન નાંખવાનું કામ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું છે.

# કડી કેમ્પસમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ૧૧ દિવસીય બાલોત્સવ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

નગરના બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બની રહે તે માટે અનેક સંસ્થાઓ દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવે છે. વેકેશનમાં બાળકો કંઈક નવું શીખે જાણે અને માણે તે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગુજરાતના બાળકો માટે બાલોત્સવ યોજાશે. જેમાં રાજ્યના નામાંકિત તજજ્ઞો તાલીમ આપશે. બાલોત્સવમાં બે દિવસીય પ્રવાસ યોજવામાં આવશે. પૂર્ણાહૂતિ તા. ૧ જૂન રવિવારે કડી હોલમાં યોજવામાં આવશે.

શહેરના બાળકોનું ભવિષ્ય ખુબજ ઉજળુ છે. તાજેતરમાં જ કલરવ સંસ્થા દ્વારા બાલોત્સવ યોજવામાં આવ્યો હતો. ત્યારે ફરીથી બાળકો નવું જાણે અને માણે તે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાલોત્સવ યોજવામાં આવશે. તા. ૨૧ મે થી તા. ૧ જૂન સુધી કડી સર્વ વિદ્યાલય સેક્ટર-૨૩ ખાતે બાલોત્સવ યોજવામાં આવશે.

બાલોત્સવનો શુભારંભ કડી સર્વ વિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે આજે સાંજે ૪.૦૦ વાગે ખુલ્લો મુકવામાં આવશે. બાલોત્સવમાં બાળકોને ભારતીબેન નાટેકર પ્રાચીન અને અર્વાચીન ગરબા, ચિત્તરંજન નાટેકર સુગમ સંગીત, નીતિનભાઈ દવે, ડાંગી નૃત્ય, સોનલબેન મજુમદાર ભરત નાટ્યમ, હિરલ પરીખ કથક, કુલદીપ વૈદ્ય દાંડિયા રાસ, પીટર વેસ્લી રાજસ્થાની નૃત્ય, દિનેશભાઈ દાવડકર નૃત્ય નાટિકા, કુંતલ નિમાવત-નાટક, કુ. અનુપા પંડ્યા-ગરબો, ધૃતિ આચાર્ય અને મિહિર આચાર્ય-બાળગીત, દેશભક્તિ જેવા ગીતો શિખવાડી બાળકોને રંગમંચલક્ષી તાલીમ આપશે.

બાલોત્સવમાં જોડાનાર બાળકોને બે દિવસ પ્રવાસ કરાવવામાં આવશે. જેમાં એક દિવસ અમદાવાદનું પ્રખ્યાત કાંકરિયા તળાવ અને ઝૂ નો પ્રવાસ કરાવાશે અને બીજા દિવસે ગાંધીનગરના પ્રસિદ્ધ અક્ષરધામ મંદિર, ઈન્દ્રોડા પ્રકૃતિ અભ્યારણની મુલાકાત કરાવાશે. સાથે સાથે બાળકોને દરરોજ અલગ-અલગ ઈતિહાસ વાર્તા કથન, યોગેશ ગઢવીનો ડાયરો, નભોદર્શન, પપેટશૉ, પુસ્તક પ્રદર્શન, પ્રકૃતિદર્શન અને મહાપુરુષોના જીવનદર્શનનું પ્રદર્શન બતાવવામાં આવશે.

જેમાં હાજર રહેનાર બાળકોને ધનંજય રાવલ અને કનુભાઈ કરકર નભોદર્શન અને ઈતિહાસ જણાવશે. આ બાલોત્સવમાં સંગીતનાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ તા. ૧ જૂન રવિવાર સવારે ૧૦.૦૦ કલાકે કડી કેમ્પસ હોલમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

# વિદેશી મિડિયામાં પણ મોદી છવાઈ ગયા

ભારતના અખબારો- ટેલિવિઝન સહિતનાં મીડિયામાં તો લાંબા સમયથી 'નમો નમો' થઈ રહ્યું છે અને ચૂંટણી પરિણામો બાદ હવે એકમાત્ર મોદી જ છવાયા છે પણ વિદેશનાં મીડિયા-ટીવીમાં પણ વિશ્વની સૌથી મોટી લોકશાહી દેશનાં વડા બનવા જઈ રહેલા નરેન્દ્ર મોદીનો પ્રભાવ જોવા મળ્યો છે.

જો કે વૈશ્વિક મીડિયા મોદીને અલગ-અલગ સ્વરૂપે જોઈ રહ્યા છે. મોદીની હિન્દુવાદી નેતા તરીકેની છાપ હજુ વિદેશી મીડિયામાં ભુલાઈ નથી તો તેઓના નેતૃત્વમાં જે રીતે ગુજરાતમાં વ્યાપાર-ઉદ્યોગનો વિકાસ થયો છે તે જોતાં મોદીને બિઝનેશની દૃષ્ટિએ પણ એક સારા નેતા ગણાવાયા છે.


ન્યૂર્યોક ટાઈમ્સે લખ્યું છે કે, ભારતમાં આઝાદી બાદ સૌથી વધુ સમય શાસન કરનાર પક્ષ કોંગ્રેસે મોદી સામે પરાજય સ્વીકારી લીધો છે અને મોદીને વડાપ્રધાન તરીકે પસંદ કર્યા છે. અમેરીકાનાં મુખ્ય અગ્રણી અખબાર વૉશીંગ્ટન પોસ્ટે મોદીની જીતને ઐતિહાસીક બતાવતા તેમની હિન્દુ રાષ્ટ્રવાદી નેતા દર્શાવાયા છે.

જો કે મોદીની એક કુશળ શાસક તરીકેની છબીને પણ અખબારે આગળ ધરતાં કહ્યું છે કે, મોદીએ દેશની આર્થિક રીતે મજબૂત કરવાનું વચન આપીને દેશમાં આશા જગાવી છે. અમેરીકાની અગ્રણી ન્યૂઝ ચેનલ સીએનએનનાં વિશ્લેષણમાં જણાવ્યું છે કે મોદી વડાપ્રધાન બનતા ભારતની અર્થ વ્યવસ્થામાં સુધારાની આશા જાગી છે. જો કે આ ચેનલે ૨૦૦૨નાં કોમી રમખાણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તેમનો જુનો રેકોર્ડ સારો નહીં હોવાથી તેઓને અમેરીકા આવવાનાં વિસા મળ્યા નથી.

બ્રિટનના ન્યૂઝ ચેલન બીબીસીએ છેલ્લા વર્ષમાં સૌથી વધુ બહુમતી મળનાર મોદીને મુસ્લિમ વિરોધી નેતાની ઈમેજ છે અને તેમના પર ૨૦૦૨ના ગુજરાતના કોમી રમખાણોનાં આરોપો લાગ્યાં છે. ચાઈના ડેઈલીનાં જણાવ્યા મુજબ મોદી બીઝનેશની ભાષા બોલે છે અને ચીન સરકાર સાથે કામ કરવા તૈયાર છે. તે એક સારી નિશાની છે.

મોદી જુદા જુદા દેશો સાથે સંબંધો કેવા રાખશે તેની પણ ચર્ચા છે. સૌથી મહત્વનું પાકિસ્તાન સાથે મોદી કેવા સંબંધો રાખશે તેના પર નિશ્ચિત છે. પાક સાથે તનાવ છે. મોદીનાં પુરોગામી મનમોહનસિંઘની પાક જવાની તીવ્ર ઈચ્છા હતી પણ કોઈને કોઈ કારણસર જઈ શકયા નહીં. તો અટલબિહારી વાજપેયી શાંતિદૂત તરીકે લાહોર બસમાં ગયા અને કારગીરની ભેટ મળી હતી. મોદી ન તો શાંતુદૂત બનવા માંગશે ન તો તે પાકની મુલાકાતની તીવ્ર ઈચ્છા રાખશે તેવું મનાય છે.

સરહદ પારના ત્રાસવાદ મુદ્દે તેઓ પાક પર દબાણ લાવશે. આંતરીક રીતે વધુ આકરા પગલા લેશે તેમ મનાય છે. પણ પાક સાથે યુદ્ધની શકયતા નથી. ચીન સાથે મોદી કેવા સંબંધો રાખશે તેના પર સૌની નજર છે ચીન-ભારતની વ્યાપારી ભાગીદારી વધતી જાય છે તો સરહદી વિવાદ પણ છે બંને દેશો હરીફ તરીકે પણ જોવાય છે. પણ મોદીને ભારત માળખાકીય વિકાસમાં વધુ રસ છે તેમાં ચીનનું અબજો ડોલરનું રોકાણ મદદ કરી શકે. જો કે તેમાં રાષ્ટ્રીય સલામતીનાં મુદ્દે મોદીએ ચકાસવા પડેશે. ચીન-અમેરીકાની દુશ્મનીનો લાભ મોદી લેવા પ્રયાસ કરી શકે તો પાક-ચીનની ધરી પડ તોડવાની કોશીશ કરી શકે છે.



અમેરીકાએ મોદીને વિસા ન આપી તેમને સંકોચભરી સ્થિતિમાં રાખ્યા હતા. હવે મોદી વડાપ્રધાન બનશે તે નિશ્ચિત જણાતા અમેરીકા પ્રમુખ બરાક ઓબામાએ મોદીને ફોન કરી અમેરીકા આવવા આમંત્રણ આપ્યું છે. મોદી અમેરીકાનું મહત્વ સમજે છે. તો અમેરીકાની ગરજ પણ જાણે છે. ભારતનું માર્કેટ અમેરીકાની નબળાઈ છે મોદી હજુ અમેરીકા સાથે સંબંધોમાં રાહ જોશે ખાસ કરીને અમેરીકામાં નવા પ્રમુખની ચૂંટણી પછી કંઈક પરીવર્તન આવી શકે છે.

મોદી બેલેન્સ કરવા જાપાન સાથે ઔદ્યોગીક સિંગાપોર સાથે વ્યાપારીક, ટુરીઝમ ઈઝારયેલ, પાસેથી વ્યૂહબાજુ કૃષિ, જાસુસી સંરક્ષણ સંબંધો અને ડેન્માર્ક સાથે સફેદ ક્રાંતિ (દૂધ ક્રાંતિ)નાં સંબંધો બાંધી શકે છે.

# ૧૦ કરોડ નવા મતદારોએ ભાજપનું 'મિશન' પાર પડાવ્યું?

લોકસભા ચૂંટણીમાં ભાજપને ટારગેટ સુધી પહોંચાડવામાં નવા યુવા મતદારોએ મુખ્ય ભાગ ભજવ્યો છે. મતદાર યાદીમાં પ્રથમ વખત સામેલ થયેલા આ દસ કરોડ યુવા મતદારોએ સારી રોજગારી સહિતની આશામાં નરેન્દ્ર મોદીને ખોબલે-ખોબલે મત આપ્યા હતા.

ભાજપને વધેલા મતોની સંખ્યા નવા ઉમેરાયેલા મતદારો જેટલી ૧૦ કરોડ જ છે. ૧૮ થી ૨૫ વર્ષની વય જુથનાં મતદારોનો જ તેમાં સિંહફાળો છે. ૨૦૦૯ની સરખામણીએ કોંગ્રેસનાં મતોની સંખ્યામાં એક કરોડનો ઘટાડો થયો છે.

કોંગ્રેસને ઉત્તરપ્રદેશનાં મતોનો સૌથી મોટો ફટકો પડ્યો છે. જયાં પક્ષને માત્ર ૬૬ લાખ મત મળ્યા હતા. જે ૨૦૦૯ની સરખામણીએ માત્ર અર્ધા હતા. આ ઉપરાંત આંધ્રપ્રદેશમાં પણ ભાજપનાં મત માત્ર અર્ધા થઈ ગયા છે.

ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો ભાજપને મળી હોવા છતાં મતોની સંખ્યાની દૃષ્ટિએ કોગ્રેસનો હિસ્સો વધી ગયો છે.

૭૫ લાખની સરખામણીએ ૮૪ લાખ મત મળ્યા હતા. જો કે, ટકાવાળીની દૃષ્ટિએ ૧૦ ટકાનો ઘટાડો થયો છે.

ભાજપ શાસીત રાજયો મધ્યપ્રદેશ તથા છતીસગઢમાં પણ કોંગ્રેસ મત વધ્યા છે. આજ રીતે લાલુપ્રસાદ યાદવનાં રાષ્ટ્રીય જનતાદળ સાથે મળીને ચૂંટણીમાં ઝુકાવનાર બિહારમાં પણ કોંગ્રેસનાં મતોની સંખ્યા વધી છે.

ભાજપના મતોની સંખ્યા તમામ રાજયોમાં વધી હોવા છતાં સૌથી વધુ લાભ ઉત્તરપ્રદેશમાં મળ્યો છે. જયાં ભાજપનો કુલ દેશોમાં થયેલા મતોમાંથી ૨૦ ટકા મત મળ્યા છે જે એવું સૂચવે છે કે પાર્ટીને પરંપરાગત ઉપરાંત દલીતો તથા એબીસીનાં મત પણ મળ્યા છે.

ઉત્તરપ્રદેશમાં એકપણ બેઠક જીતી નહીં શકનાર બસપાને ૨૦૦૯ કરતા ચાર લાખ વધુ મત મળ્યા છે. પાર્ટીએ દલીત વોટ બેંક જાળવી રાખી હોવા છતાં ઉચ્ચવર્ગ તથા મુસ્લિમ મતો મેળવી નહીં શકયાનો સંકેત મળે છે. કોઈ એક જ વર્ગનાં આધારે ચૂંટણી જીતી શકાતી ન હોવાનું સાબિત થઈ ગયું છે.

સમાજવાદી પાર્ટીની હાલત પણ સમાન છે. ૨૦૦૯ની સરખામણીએ ૫૦ લાખ વધુ મત મળ્યા હોવા છતાં બેઠકોની સંખ્યા વધી નથી. પાર્ટીની યાદવોની વોટ બેંક યથાવત રહી છે. મુસ્લિમોના મત પણ મળ્યા છે છતાં આંશિક ધ્રુવીકરણથી બાજી બગડી હતી.

બિહારમાં નીતીશકુમારનાં જેડીયુને ૧૫.૮૦ ટકા મત મળ્યા હતા. ૨૦૦૯ કરતાં મામુલી ઘટાડો થયો છે. પ્રાથમિક રીતે એવું સુચવાય છે કે ભાજપે નીતીશકુમારની મહાદલીત અને પછાતવર્ગની મતબેંકમાં પણ ભાગ પડાવ્યો જ છે.

બિહાર અને ઉત્તરપ્રદેશમાં ભાજપને મળેલા લાભ પાછળનું મુખ્ય કારણ મતોના ધ્રુવીકરણનું છે.

પશ્ચિમ બંગાળમાં વર્ચસ્વ જાળવનાર મમતા બેનર્જીનાં તૃણમુલ કોંગ્રેસને બે કરોડ મત મળ્યા છે જે ૨૦૦૯માં ૧૩ કરોડ હતા. ભાજપને



મળેલા વધુ મતમાં મુખ્યત્વે ડાબેરી અને કોંગ્રેસનાં મતમાં જ ગાબડું પડ્યું છે. તામીલનાડુમાં અન્ના દ્રુમકનાં મતોની સંખ્યામાં ત્રણ ગણો વધારો છે.